# સિવિલમાં નવિન આહારગૃહ તૈયાર થશે

**સિવિલમાં દર્દીના સગાને નજીવા દરે ભોજન મળી રહેશે, અમદાવાદની સંસ્થા ભોજન પુરુ પાડશે, આહારગૃહમાં ૧૫૦ વ્યકિત બેસીને જમી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાશે**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડ્રાઈવર રૂમની સામે આહાર ગૃહ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલુ છે. હોસ્પિટલમાં દર્દીઓના સગાને માત્ર નજીવી કિંમતે સવાર-સાંજ પૌષ્ટીક ભોજન મળી રહેશે.

અમદાવાદની સેવાકીય જાણીતી સંસ્થા દ્વારા ભોજન પુરુ પાડવામાં આવશે. ટુંક સમયમાં આહાર ગૃહનો શુભારંભ કરવામાં આવશે.

ગાંધીનગર સિવિલમાં હાલ દર્દીઓનો ધસારો વધુ જોવા મળી રહ્યો છે. હોસ્પિટલમાં તાવ થી માંડીને ડાયાલીસીસ સુધીની સારવાર થાય છે. હાલના સમયે કેમ્પસમાં સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ અને ટ્રો માં સેન્ટરનું કામ પુરજોશમાં શરુ છે.

ઓપીડી બિલ્ડીંગ અને તાત્કાલીક વિભાગ દર્દીઓથી ધમધમતો હોય છે. સિવિલમાં આરોગ્યલક્ષી સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. ગણતરીના





માસમાં એમઆરઆઈની પણ સુવિધા દર્દીઓને મળી રહેશે.

સિવિલમાં કેન્સરના દર્દીઓ માટે કિમોથેરાપીની સારવાર આપવામાં આવે છે. ત્યારે હાલ સિવિલમાં સમસ્યા નહી પણ સુવિધાઓ દિન પ્રતિદિન વધતી જાય છે. અત્યારે હાલના સમયે ડ્રાઈવર રૂમની સામે ગાર્ડનની જગ્યા પર આહાર ગૃહ નિર્માણ પામી રહ્યું છે. એક સાથે દોઢસો થી વધુ વ્યકિતઓ શાંતિથી જમી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

અમદાવાદની સેવાકીય સંસ્થા દ્વારા દર્દીઓના સગાઓને નહી નફો કે નુકશાનના ધોરણે નજીવા દરે દાળ-ભાત અને શાક રોટલી સહિતનુ જમવાનું આપવામાં આવશે .જયારે સાંજનુ મેનુ પણ અલગ અલગ હશે.જયારે આહાર ગૃહમાં વરસાદ કે ગરમીમાં તકલીફનો સામનો કરવો ન પડે તે માટે ૨૫ થી વધુ પંખા અને ૪૫ જેટલી લાઈટ થી આભારગૃહ ઝળહળી ઉઠશે. જયારે દર્દીઓના સગાઓમાં માટે પાણીના કુલર પણ મુકવામાં આવશે.જયારે થાળી ધોવા માટે પણ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. સિવિલમાં નવીન આહાર ગૃહથી બહાર ગામથી આવતા દર્દીઓને લાભ મળી રહેશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં આજે બોર્ડની શરૂ થઈ રહેલ પરીક્ષાની તૈયારીના ભાગરૂપે કેન્દ્ર સંચાલકો સાથે ત્રણ કલાક લાંબી બેઠક યોજાઈ હતી.
- જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે આજે રોજગાર સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી.
- આજે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે વિવિધ સમીક્ષા બેઠકો હોવાથી તંત્ર સતત તેમાં વ્યસ્ત રહ્યુ હતુ.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં શરદી-કફના વધેલા કેસોને પગલે આરોગ્યતંત્ર સતર્ક બન્યુ છે અને શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓના કોરોના ટેસ્ટ કરવા સૂચનાઓ આપી છે.
- આજે ગાંધીનગરમાં દિવસ દરમ્યાન ગરમીનો પારો ઉંચકાયો હતો.
- નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા આજોલ ગામના યુવાનોને ફાયર સેફ્ટીની તાલિમ અપાઈ હતી.
- માણસામાં અગાઉ કરેલા કેસની અદાવત રાખીને આધેડ પર હુમલો કરાયાની ફરિયાદ નોંધાઈ છે.
- માણસાના અંબોડ ગામે ૪ શખ્સોએ સામાન્ય બાબતે એક મહિલાને માર માર્યો.
- રાજપુરા પાટિયા પાસે અજાણ્યા ડાલાચાલકે એક્ટીવાને ટક્કર મારતાં એકનું મોત થયાના અહેવાલો છે.
- કલોલ શહેરમાં ટ્રાફિક નિયમન ખોરવાતાં લોકો પરેશાન થયા.
- વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સને કારણે વધુ એક વખત વાતાવરણમાં પલ્ટો થવાના સંકેતો હવામાન વિભાગે આપ્યા છે.
- જાણીતા સાહિત્યકાર ધીરૂબેન પટેલના દુઃખદ અવસાનથી સાહિત્યકારોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સામાન્ય સભાની તૈયારીઓ અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે.
- આજે ઔડાની બોર્ડ બેઠક મળી હતી જેમાં ૨૦૨૩-૨૪નુ બજેટ રજુ કરાયુ હતુ.
- ટિંટોડાની શાળામાં રંગોત્સવ પર્વની ઉજવણી કરાઈ હતી.
- સે. ૩૦ મુક્તિધામ ખાતે પણ રંગોત્સવ પર્વની ઉજવણી કરાઈ હતી.
- સે. ૪ માં બગીચા ખાતે ચાલી રહેલા યોગ વર્ગમાં મહિલા દિવસની ઉજવણી કરાઈ હતી.
- સિનીયર સિટીઝન કાઉન્સીલની મહિલા પાંખ દ્વારા પ્રા. શાળાના બાળકોને ખજૂર-ધાણીનું વિતરણ કરાયુ હતુ.
- ખોરજ ખાતે ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા રામાખ્યાનનું આયોજન કરાયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં પૂર્વાંચલ સમાજ દ્વારા ધુળેટીની ઉજવણી કરાઈ હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બેટા, જ્યાં પોચી પ્રસાદી હોય તેવા મંદિરમાં લઇ જા ને...!!

# રાયસણ ગણેશ અલ્ટીમામાં સોસાયટીના રહીશે પ્રમુખને જાનથી મારી નાંખવાની ધમકી આપી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના રાયસણ ગણેશ અલ્ટીમાં ખાતે રહેતા નાગરીકે ગતરોજ બપોરનાુ સુમારે બે શખ્સોને બોલાવી સોસાયટીની એન્ગલો, કોલમો, ફુલછોડ તેમજ કુંડા તોડી નાંખ્યા હતા. જયારે બ્લોકની પાર્કિંગની પ્લેટો તોડી સિક્યુરીટીને ગાળો બોલી સોસાયટીના પ્રમુખને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ થલતેજ ગ્રીનફિલ્ડ સોસાયટી ખાતે રહેતા દેવેશ વાડીલાલ પટેલ પરિવાર સાથે રહે છે અને સનરાઈઝ ઈન્ફ્રાસ્ટ્રકચર નામથી બિલ્ડીંગ સાઈટ બનાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓની ગણેશ અલ્ટીમાં રાયસણ ખાતે સોસાયટી આવેલી છે. ત્યારે આ સોસાયટીમાં બી - ૫૦૧ ખાતે રહેતા રાહુલ પ્રતાપભાઈ ચૌધરી રહે છે તેઓને સોસાયટીના નિયમ મુજબ પાર્કિંગ ફાળવવામાં આવ્યું છે. જયારે રાહુલભાઈ અવાર-નવાર સોસાયટીના પાર્કિંગમાં તેમજ કોમન પ્લોટ અને લીફટમાં સોસાયટીના બીજા સભ્યોને વપરાશ નહી કરવા અંગે વારંવાર હેરાન પરેશાન કરે છે. જેથી દેવેશ પટેલે રાહુલભાઈને આમ નહી કરવા અંગે જણાવ્યું હતું. તેમ છતા ગત તા.૫ માર્ચના રોજ બપોરના આશરે બાર વાગ્યાના સુમારે રાહુલભાઈ ચૌધરી સોસાયટીના કેમેરા બંધ કરી દીધા હતા.જેથી સિક્યુરીટી ગાર્ડ ચેલાભાઈ રાવળ રોકવા જતા તેમની સાથે ગાળાગાળી કરી બીજા બે શખ્સો બોલાવી સોસાયટીમાં પાર્કિંગમાં લગાવેલી એન્ગલો તેમજ કોલમો સહિત ફુલછોડને નુકશાન કરી કુંડા તોડી નાંખ્યા હતા. જયારે અન્ય છોડ પણ તોડીને ફેંકી દીધા હતા. આ અંગેની જાણ બિલ્ડરને સોસાયટીના પ્રમુખ રાજેશભાઈ પટેલ અને ભરત પ્રજાપતિએ જાણ કરી હતી. જેથી સોસાયટીના પ્રમુખે પોલીસ મથકે અરજી આપી હતી. જેથી રાહુલ ચૌધરીએ માફીનામુ લખી આપ્યું હતું. જેથી સમાધાન પણ થઈ ગયુ હતું. ત્યારબાદ રાહુલ ચૌધરી જઈ સોસાયટીના ભરત પ્રજાપતિ અને સભ્યોને ધમકી આપી હતી કે મારા પર ફરીયાદ કરી શું નુકશાન કર્યું તેમ કહી ભરતભાઈ અને પ્રમુખ રાજેશભાઈ ને ધમકીઓ આપી હતી. કે હવે પછી ફરીયાદ કરશો તો સોસાયટીમાં રહેવા નહીં દઉ અને જાનથી મારી નાંખીશ. તેમ કહી બી બ્લોકના પાર્કિંગમાં લગાવેલી પ્લેટો તોડી નાંખી હતી અને આડેધડ વાહનો પાર્કિંગ કરી સોસાયટીના સભ્યોને હેરાન પરેશાન કરે છે. જેથી સોસાયટીના પ્રમુખ અને સભ્યોએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતો પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# સે-૭/એ વસાહત મહિલા મંડળ દ્વારા મહિલા દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૦

આઠમી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન રાવલના નેતૃત્વમાં રંગોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મહિલા શક્તિ દ્વારા વિવિધ કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી હતી. તમામ પ્રોજેક્ટ ટીમના સભ્યો જોડાયા અને સાથ સહકાર આપીને આનંદ અને ઉત્સાહથી રંગોત્સવ પણ મનાવ્યો હતો. વસાહત મંડળની કારો બારીના સભ્યો અમીબેન શાહ, વંદનાબેન પટેલ, સરોજબેન સંતોકી, મહિલા મંડળના ઉપપ્રમુખ ઈન્દુબેન ચોટલીયા, ખજાનચી દક્ષાબેન વરસાત, સહમંત્રી જોલીબેન મહેતા, સુધાબેન પટેલ અને ઉપસ્થિત સર્વે મહિલાઓનો આભાર વ્યક્ત કરી નારી શક્તિ સક્રિય બનીને અલગ અલગ કાર્યક્રમો કરે તે માટે જશવંત ગાંધી પ્રમુખ વસાહત મંડળે શુભેચ્છાઓ પાઠવી હતી.



સેક્ટર ૭ ખિચડી પ્રસાદ વિતરણ કેન્દ્ર ખાતે આ ગુરૂવારે સિનિયર સિટીઝન કાઉન્સિલના સૌજન્યથી ધુળેટી તહેવારને અનુલક્ષીને પતાસા, ખજુર આને ધાણીના પ્રસાદ પેકેટ નું વિતરણ કરવામાં આવ્યું. સંસ્થાના કાર્યકર ભરત પટેલ, જયરામ સોની અને દશરથભાઈ પરમારે સેવા આપી હતી.

# ભાટ સાબરમતિ નદી પાસે એકટીવાની ડેકી તોડી બે મોબાઈલની ચોરી

**યુવકો નદીમાં ન્હાવા ગયા હતા, તે સમયે અજાણ્યા શખ્સો કળા કરી ગયા**

ગાંધીનગર, તા.૧૦

શહેર નજીક ભાટ ટોલટેક્ષ પાસે સાબરમતિ નદીના કિનારે એકટીવા પાર્ક કરીને બે મિત્રો નદીમાં ન્હાવા પડ્યા હતા. તે સમયે અજાણ્યા શખ્સોએ એકટીવાની ડેકી તોડી અંદરથી બે મોબાઈલ ફોન ચોરીને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરમાં મોબાઈલ ફોન ચોરીના કિસ્સાઓ ખુબ મોટા પ્રમાણમાં વધી ગયા છે. છેલ્લા એક માસમાં અનેક મોબાઈલ ચોરી થઈ હોવાની ફરીયાદો પોલીસ મથકે નોંધાઈ છે. ત્યારે અમદાવાદના ચાંદખેડા ખાતે રહેતા મહેન્દ્ર કાનજી પંડયા માનસરોવર તુલસી રેસીડેન્સીમાં સ્ટડી લાઈન ઝેરોક્ષ નામની દુકાન ચલાવે છે.ધુળેટીના તહેવારમાં મહેન્દ્ર અને તેનો મિત્ર વિરાજ પરમાર ભાટ ટોલટેક્ષ નજીક આવેલી સાબરમતિ નદી કિનારે સાંજના આશરે ચારેક વાગે આવ્યા હતા. નદીના કિનારે એકટીવા પાર્ક કરી બંને નદીમાં ન્હાવા માટે ગયા હતા. તેઓએ પોતાના મોબાઈલ ફોન એકટીવાની ડેકીમાં મુક્યા હતા. આ દરમિયાન કોઈ અજાણ્યા શખ્સો એ એકટીવાની ડેકી તોડી અંદરથી બે મોબાઈલ ફોનની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. નદીમાં દોઢ કલાક સુધી સ્નાન કર્યા પછી એકટીવા પાસે બંન્ને મિત્રો આવ્યા હતા.ત્યારે એકટીવાની ડેકી તુટેલી જોઈ તેઓ ચોંકી ઉઠ્યા હતા. જેમાં તપાસ કરતા મોબાઈલ ફોન પણ ચોરાઈ ગયાનું માલુમ પડ્યું હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરના સેકટર-૨૧ ખાતે સુકા કચરાની સાથે કાર પણ સળગી ઉઠી





ગાંધીનગર શહેરના સેકટર-૨૧-૩૦ ના કટ પાસે વનવિભાગની જગ્યામાં રહેલો સુકા પાંદળાનો કચરો સળગાવવામાં આવ્યો હતો. ત્યારે આ સુકા કચરાને પગલે ગણતરીની મીનીટોમાં આગ વધુ પ્રસરતા સ્વીફટ કારમાં પણ એન્જીનના ભાગે આગ ભભુકી ઉઠી હતી. જી.જે.૧૮.બી.એ.૦૪૬૨ ના કારનો આગળનો ભાગ બળીને સંપૂર્ણ ખાક થઈ ગયો હતો. જયારે આગના બનાવને પગલે ફાયર બિગ્રેડને કોલ મળતા જ સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી ટીમના સભ્યો સાથે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે જાહેર જગ્યામાં કચરો સળગાવવો ગુનો બને છે તેમ છતા કોઈ ટીખળખોર તત્વો ગમે તે સમયે વનવિભાગની જગ્યામાં સુકા કચરામાં આગ લગાવી પર્યાવરણને પણ નુકશાન પહોંચાડે છે.

# વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોને પ્રાકૃતિક કૃષિ માટે આદર્શ તાલીમ કેન્દ્રો બનાવાશે

**ગાંધીનગરના કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં કૃષિ વૈજ્ઞાનિકો, સંશોધકો અને નિષ્ણાતો સાથે ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનો વિચાર-વિમર્શ**



ગાંધીનગર, તા.૧૦

ગુજરાત વિદ્યાપીઠના ગાંધીનગર (રાંધેજા), ખેડા (દેથલી) અને વલસાડ (આંભેટી)ના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોને પ્રાકૃતિક કૃષિ માટે આદર્શ તાલીમ કેન્દ્રો બનાવાશે. ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ગાંધીનગરના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ગુજરાત વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના કૃષિ વૈજ્ઞાનિકો, સંશોધકો અને વિષય નિષ્ણાતો સાથે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિશે વિસ્તૃત વાર્તાલાપ અને વિચાર-વિમર્શ કર્યો હતો. વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય એ જરૂરી છે, એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર મોટા પાયે તાલીમાર્થીઓ તૈયાર કરી રહી છે, જે ખેડૂતોને ઘર આંગણે જઈને તાલીમ આપશે. ગુજરાતના ગામડે-ગામડે ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ પ્રત્યે જાગૃતિ આવે તે માટે કૃષિ વૈજ્ઞાનિકોને આ ઈશ્વરીય કાર્યમાં જોડાવા તેમણે અનુરોધ કર્યો હતો. ગુજરાત વિદ્યાપીઠના ત્રણ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો સંશોધન, શિક્ષણ અને કૃષિ વિસ્તરણનું કાર્ય કરે છે. ખેડૂતોને તેમના ખેતરોમાં જઈને માર્ગદર્શન આપે છે. આ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના મોડેલ તાલીમ કેન્દ્ર બને એ દિશામાં કાર્ય કરાશે. કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પૂજ્ય ગાંધીબાપુ કહેતા કે, "ભારતનો વિકાસ ગામડાઓના વિકાસથી જ શક્ય છે. જ્યાં સુધી ગામડા સમૃદ્ધ નહીં થાય ત્યાં સુધી ભારત સમૃદ્ધ નહીં થાય." આપણો ખેડૂત સમૃદ્ધ થશે તો ગામડા સમૃદ્ધ થશે અને ખેડૂત પ્રાકૃતિક કૃષિ કરતો થશે તો સમૃદ્ધિ આપોઆપ આવશે. વિશુદ્ધ ભારતીય સંસ્કૃતિ અને પ્રાકૃતિક પદ્ધતિઓના પ્રણેતા પૂજ્ય બાપુ એમ પણ કહેતા કે, "પ્રકૃતિ માનવની તમામ આવશ્યકતાઓની પરિપૂર્તિ માટે સક્ષમ અને સમર્થ છે, પરંતુ માણસની લાલચની પૂર્તિ કરી શકતી નથી." રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ વાતના ઉલ્લેખ સાથે કહ્યું હતું કે, માણસે પોતાની લાલચની પૂર્તિ માટે પ્રકૃતિનું દોહન અને શોષણ કર્યું છે. પરિણામે આપણે ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ એ પ્રકૃતિની સમૃદ્ધિ તેને પાછી આપવાનું આપણું દાયિત્વ છે. એમણે કહ્યું કે, કોરોનાની વેક્સિન તો આપણે શોધી કાઢી, પરન્તુ અસહ્ય ગરમી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, કમોસમી વરસાદ જેવી કુદરતી આપત્તિઓ સામે સંરક્ષણ માટે કઈ વેક્સિન કામ આવશે? પ્રકૃતિનું સંતુલન જ એક માત્ર ઉપાય છે અને તે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી જ સંભવ છે.

# સાંસ્કૃતિક મહિલા પરિવાર દ્વારા આંતરરાષ્ટ્રીય વુમન્સ ડે ની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

સાંસ્કૃતિ મહિલા પરિવાર અને દેવનંદન સમીટ મહિલા મંડળ દ્વારા ઈન્ટરનેશનલ વુમન ડે નિમિત્તે સાંસ્કૃતિક પોગ્રામ તા. ૧૯-૩-૨૩નો રવિવારે બપોરના ૨.૩૦ કલાકે દેવનંદન સમીટના હોલ સરગાસણ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં બહેનોએ ભક્તિ નૃત્ય, સંગીત, મીમીક્રી, તબલા, હારમોનિયમ જેવી વિવિધ એકટીવીટી રજૂ કરવાની રહેશે. બહેનોને પોતાની ક્રીયેટીવીટી રજૂ કરવાની તક મળે અને પ્લેટફોર્મ મળે તે હેતુથી આ પ્રોગ્રામનું આયોજન કરેલ છે. તો ગાંધીનગરની જે બહેનો ભાગ લેવા માંગતી હોય તેમને નીચે જણાવેલ બહેનોનો સંપર્ક કરી નામ નોંધાવવા જણાવ્યુ છે. શ્રીમતિ પ્રતિભાબેન દવે - ૯૧૦૬૮૨૮૨૦૯, અલ્પાબેન ગોર - ૯૪૦૮૦૫૮૪૦૧, દેવીબેન શુકલ - ૬૩૫૫૫૧૪૬૮૪, રેખાબેન પટેલ-૯૯૦૯૨૨૯૮૮૪



"પ્રેક્ષા વિશ્વભારતી "એકેડમી, કોબા ખાતે મહામનિષી, મહતપસ્વી, યુગપ્રધાન આચાર્ય મહાશ્રમણજી ના ૨૧ દિવસીય અમદાવાદ પ્રવાસ, ૨૦૨૩ અંતર્ગત "જૈન ભગવતી દીક્ષા સમારોહ" અષ્ટદિવસીય પ્રેક્ષા ધ્યાન શિબિરના શુભારંભે મેયર હિતેશભાઈ મકવાણા સાથે સ્ટે. ચેરમેન, કાઉન્સિલર, વોર્ડના પ્રમુખ તેમજ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# શારદા કેમ્પસમાં ઈન્ટરનેશનલ વુમન ડેની ઉજવણીમાં સેમિનારનુ આયોજન



ગાંધીનગર, તા.૧૦

ઈન્ટરનેશનલ વુમન ડેની ઉજવણી રૂપે શારદા કેમ્પસમાં "વુમન - ધ રિઅલ આર્કિટેક્ટ ઓફ સોસાયટી "ના વિષય પર સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર પ્રવક્તા મમતા રાવલ દ્વારા લેવામાં આવ્યો હતો. જેમા ફિઝિયોથેરાપી, ફાર્મસી અને નર્સિંગ કોલેજોના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફે હાજરી આપી હતી.

# નેહરુ યુવા કેન્દ્ર દ્વારા ફાયર સેફ્ટી અને ડિઝાસ્ટરની ટ્રેનિંગ યોજાઈ



નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા જિલ્લા યુવા અધિકારી પંકજ મારેચાના માર્ગદર્શન હેઠળ આજોલ ગામમાં થીમ મુજબ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ યુવાનો અને યુવતીઓને ફાયર સેફ્ટી અને ડિઝાસ્ટરની ટ્રેનિંગ આપવામાં આવી હતી અને કોઈ કુદરતી આપતી આવી પહોંચે તો તેને પહોંચી વળવા અલગ અલગ ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ જિલ્લા વોર્ડન અંજનાબેન નિમાવત તેમજ તેમની સમગ્ર ટીમ દ્વારા ટ્રેનિંગ આપવામાં આવી હતી અને આ કાર્યક્રમનુ સંચાલન મંથન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.